# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### પાંચ દિવસથી પાણીની તંગી વચ્ચે દૂષિત પાણી વિતરણ થતા લોકોના આરોગ્ય સામે જોખમ

# નડિયાદ : પીજ ગામે પીવાના પાણીના ટેન્કરમાંથી મરેલો ઉંદર નીકળતા રોષ

**ગ્રામજનોએ માટલા** ફોડી ઉંદરની સ્મશાન યાત્રા કાઢી

**પંચાયતની બેદરકારી** સામે ફિટકાર વરસાવ્યો



(પ્રતિનિધિ) નડિયાદ તા.31

નડિયાદ તાલુકાના પીજ ગામમાં છેલ્લા પાંચ દિવસથી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. પંચાયત દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા તરીકે મોકલાયેલા પાણીના ટેન્કરમાંથી મરેલો ઉંદર નીકળતા ગ્રામજનોનો રોષ ફાટી નીકળ્યો હતો. ભર ઉનાળે દૂષિત પાણી મળતા ઉશ્કેરાયેલા લોકોએ પંચાયત કચેરીએ માટલા અને ડોલ ફોડી તંત્રની બેદરકારી સામે અનોખો વિરોધ નોંધાવ્યો હતો.

નડિયાદના પીજ ગામમાં 12 પંચાયતી બોર અને 4 પાણીની ટાંકીઓ હોવા છતાં છેલ્લા 5 દિવસથી પાણી પુરવઠો ખોરવાયો છે. કાળઝાળ ગરમીમાં પાણીની વિકટ સમસ્યાને પગલે ગ્રામજનોએ ટેન્કરની માંગણી કરી હતી. જોકે, ટેન્કર ખાલી થવા આવ્યું ત્યારે તેમાંથી મરેલો ઉંદર નીકળતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ગ્રામજનોએ આરોપ લગાવ્યો હતો કે આ ગંદુ પાણી પીવાથી લોકોના આરોગ્ય સાથે ચેડાં થયા છે અને જો કોઈ બીમાર પડશે તો તેની જવાબદારી કોણ લેશે ?. રોષે ભરાયેલા લોકોએ મરેલા ઉંદરની પ્રતીકાત્મક સ્મશાન યાત્રા કાઢી પંચાયતના વહીવટ સામે સવાલો ઉઠાવ્યા હતા. આ અંગે ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે, પંચાયત વેરો ઉઘરાવવામાં તત્પર રહે છે પરંતુ પ્રાથમિક સુવિધાઓ આપવામાં નિષ્ફળ નીવડી છે. પંચાયત પાસે યોગ્ય મેનેજમેન્ટ ન હોવાને કારણે ઉનાળાની શરૂઆતમાં જ ટેન્કર પર નિર્ભર રહેવું પડ્યું છે.

#### પંચાયતને હેરાન કરવા માટેનું કોઈનું કૃત્ય હોઈ શકે

પીજ ગામના સરપંચ શીતલબેન તડવીએ જણાવ્યું હતું કે, પાણીનો વાલ્વ જામ થઈ જવાથી સમસ્યા સર્જાઈ છે, જેનું સમારકામ ચાલુ છે. તેમણે ટેન્કરમાંથી ઉંદર નીકળવાની ઘટનાને શંકાસ્પદ ગણાવતા કહ્યું હતું કે, આ પંચાયતને હેરાન કરવા માટેનું કોઈનું કૃત્ય હોઈ શકે છે. તેમણે આ મામલે રૂબરૂ તપાસ કરવાની ખાતરી આપી હતી.

### ભાજપ દ્વારા આજથી સંભવિતોને સાંભળવાની પ્રક્રિયા શરૂ

# આણંદ જિલ્લામાં સ્થાનિક ચૂંટણીઓનો માહોલ શરૂ

**ભાજપ માટે સૌથી** મોટો પડકાર ભ્રષ્ટાચાર અને બેરોજગારી

(પ્રતિનિધિ) પેટલાદ તા.31

આણંદ જિલ્લામાં કરમસદ - આણંદ મનપા, આણંદ જીલ્લા પંચાયત, 8 તાલુકા પંચાયત અને 6 નગરપાલિકાની સામાન્ય ચુંટણીઓ યોજાવાની છે. આ સાથે રાજકીય પાર્ટીઓએ પણ ચુંટણીલક્ષી કામગીરીનો પ્રારંભ કરી દીધો છે. ભાજપ દ્વારા બુધવારથી ઉમેદવારોને સાંભળવાની પ્રક્રિયા શરૂ થશે. જેથી દાવેદારોએ પોર્ટફોલીયો તૈયાર કરવા શરૂ કરી દીધા છે. આ ચુંટણીઓમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા પણ મુરતીયાઓની શોધખોળ શરૂ કરી છે. જો કે આ વખતે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભાજપનો મુકાબલો ભાજપના જ અસંતુષ્ટો અને ટીકીટ વાંચ્છુઓ સામે થાય તો નવાઈ નહીં ! સાથોસાથ ભાજપ માટે આ વખતે સૌથી મોટો પડકાર ભ્રષ્ટાચાર અને બેરોજગારીનો રહેવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે.

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખો ગણતરીના દિવસોમાં જાહેર થવાની શક્યતા છે. જેથી સમગ્ર જીલ્લામાં ચૂંટણીનો માહોલ શરૂ થઈ ગયો છે. આ વખતે 27 ટકા ઓબીસી અનામત, પ્રમુખ સહિત બેઠકોના બદલાયેલા રોટેશનને કારણે રાજકીય સમીકરણો નવેસરથી મૂકાઈ રહ્યા છે. જીલ્લાની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ મોટાભાગે ભાજપ હસ્તક હતી. પરંતુ ગત પાંચ વર્ષ દરમ્યાન તમામ નગરપાલિકાના સત્તાધિશો ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપો સામાન્ય બની ગયા હતા.

બોરસદ અને સોજીત્રા પાલિકામાં ભાજપની સત્તા હોવા છતાં આ પાલિકાઓ સુપરસીડ થઈ ગઈ હતી. તેવી જ રીતે ખંભાત અને પેટલાદ પાલિકાઓમાં પ્રમુખ અને ચીફ ઓફીસરના એકહથ્થુ શાસન, રઘવાયા નિર્ણયો અને ભ્રષ્ટાચારને કારણે બંન્ને પાલિકાઓ સતત વિવાદમાં રહી હતી. થોડા સમય અગાઉ ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકાનો દરજ્જો મેળવનાર તારાપુર માટે આ પ્રથમ વખતની ચુંટણી છે, જેથી ત્યાંના મતદારોનો ઉત્સાહ અનેરો જોવા મળી રહ્યો છે.

આણંદ જિલ્લાના વડામથક આણંદ હવે કરમસદ - આણંદ મહાનગરપાલિકા બની ગઈ છે. આણંદ મનપા અસ્તિત્વમાં આવ્યા પછીની પ્રથમ ચુંટણી યોજાવા જઈ રહી છે. જેથી અહીંયા ચુંટણીમાં ઝંપલાવવા ઉમેદવારો થનગની રહ્યા છે.

આણંદ જિલ્લા પંચાયત અને 8 તાલુકા પંચાયતની ચૂંટણી હોવાથી ગ્રામ્ય વિસ્તારોની બેઠકો ઉપરથી ઉમેદવારી કરવા દરેક પક્ષો અત્યારથી જ સમીકરણો મૂકી રહ્યા છે. આ વખતની ચુંટણીમાં ભાજપ સામે સૌથી મોટો મુકાબલો ભાજપના જ અસંતુષ્ટો અને ટીકીટ વાંચ્છુઓ સામે રહેવાની પ્રબળ શક્યતાઓ છે. કારણ કે, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી હજી સંગઠન બનાવી રહ્યા હોવાનું જાણવા મળે છે. જીલ્લામાં પાલિકા અને પંચાયતની અનેક બેઠકો એવી છે કે જ્યાં કોંગ્રેસ અને આપને ઉમેદવારો શોધવા પણ કપરા છે. જો કે આ બંન્ને રાજકીય પાર્ટીઓ કરતાં પણ વધુ ખેંચતાણ અને રસાકસી ભાજપ સાથે ભાજપના જ ટીકીટ વાંચ્છુઓ, અસંતુષ્ટો તથા સિનીયર નેતાઓની રહેશે !

ભાજપ દ્વારા બુધવારથી 3 દિવસ દરમ્યાન દરેક શહેર અને તાલુકાના સંભવિતોની રજુઆતોને પાર્ટીના નિરીક્ષકો સાંભળશે. આ ઉપરાંત તમામ 16 સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે ચુંટણી લડવા ઈચ્છતા ઉમેદવારોના ફોર્મ પણ નિરીક્ષકો સ્વીકારવાના હોવાનું જાણવા મળે છે. ભાજપમાંથી ચુંટણી લડવા ઈચ્છતા ઉમેદવારો માટે પાર્ટીએ જે નિયમો બનાવ્યા છે તે મુજબ અનેક સિનીયર નેતાઓની બાદબાકી થવાની હોવાના કારણે તેઓમાં છુપો અસંતોષ પણ ચર્ચાનો વિષય બની રહ્યો છે.

#### ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા

- **પહેલી એપ્રિલ**
  - વિદ્યાનગરમાં કમલમ્ ખાતે કરમસદ - આણંદ મહાનગરપાલિકાના વોર્ડ નં.1થી 10 માટે સવારે 10થી સાંજના 6 સુધી.
  - પેટલાદના નાર સ્થિત ગોકુલધામ ખાતે ખંભાત શહેર અને તાલુકો (સવારે 10થી બપોરના 2) અને સોજીત્રા શહેર અને તાલુકો બપોરે 3થી સાંજે 6.30 સુધી)
- **બીજી એપ્રિલ**
  - વિદ્યાનગરમાં કમલમ્ ખાતે કરમસદ - આણંદ મહાનગરપાલિકાના વોર્ડ નં.11થી 13 માટે સવારે 10થી બપોરના 1 સુધી)
  - નાવલી સ્થિત કમલમાં ઉમરેઠ શહેર અને તાલુકો (સવારે 10થી બપોરના 2-30) અને આંકલાવ તાલુકો (બપોરે 3.30 થી સાંજે 5.30), બોરસદ શહેર (સાંજે 5.30 થી 7.30 સુધી)
  - પેટલાદના નાર સ્થિત ગોકુલધામ ખાતે પેટલાદ શહેર અને તાલુકો સવારે 9 થી બપોરના 2), તારાપુર શહેર અને તાલુકો (બપોરે 3 થી સાંજે 6-30 સુધી)
- **ત્રીજી એપ્રિલ**
  - નાવલી સ્થિત કમલમ્ ખાતે બોરસદ તાલુકો (સવારે 10 થી 2), આણંદ તાલુકો (બપોરે 2 થી 5).

# આણંદની સ્થાનિક સ્વરાજ્યની આજે મતદારયાદી પ્રસિદ્ધ થશે

**આણંદ મનપા,** જિલ્લા પંચાયત, ૮ તાલુકા પંચાયતો અને ૬ નગરપાલિકાની ચૂંટણીઓ માટે તંત્રની કવાયત શરૂ

(પ્રતિનિધિ) આણંદ તા 31

એસ આઈ આર કાર્યક્રમ અંતર્ગત મતદાર યાદી સુધારણા બાદ વિધાનસભા મુજબ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિધ્ધિ કરવામાં આવી હતી.હવે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને પણ આણંદ જિલ્લાના તંત્રએ તમામ તૈયારીઓ પુર્ણ કરી લીધી છે. અને બુધવારે આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવનાર છે.

ચૂંટણી પંચે એસઆઈઆર ની કામગીરી બાદ તૈયાર થયેલી મતદાર યાદીના આધારે મનપાના અને પાલિકાના વોર્ડ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતોની બેઠક મુજબ મતદાર યાદી તૈયાર કરવાની સુચના આપી હતી. જેની પ્રાથમિક યાદી કરવામાં હતી. ત્યારબાદ 30મી માર્ચ સુધીમાં વાંધા સુચનો સ્વિકાર કરાયો છે. હવે પહેલી એપ્રિલ બુધવારે આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. આ મતદાર યાદીના આધારે જ કરમસદ આણંદ મનપા, આણંદ જિલ્લા પંચાયત, આઠ તાલુકા પંચાયતો આણંદ, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, બોરસદ, તારાપુર, ખંભાત અને આંકલાવ તેમજ છ પાલિકાઓ ઉમરેઠ, ખંભાત, બોરસદ, સોજીત્રા, તારાપુર અને પેટલાદની ચૂંટણીઓ યોજાનાર છે.

આખરી મતદાર યાદી પ્રસિધ્ધ થયા બાદ ચૂંટણી માટે ઝંપલાવવા ઈચ્છતા ઉમેદવારો દ્વારા પોતપોતાના વોર્ડ કે બેઠકની મતદારયાદી મેળવીને તેના આધારે તૈયારીઓ કરનાર હોવાનું પણ જાણવા મળ્યું છે.

#### સાત વિધાનસભા મુજબ યાદીની પ્રસિદ્ધિ

વિધાનસભા મતવિસ્તાર મુજબ મતદારોની મળેલી વિગતો મુજબ 108 ખંભાત વિધાનસભામાં 2,18,647, 109 બોરસદ વિધાનસભામાં 2,39,098, 110 આંકલાવ વિધાનસભામાં 2,06,899, 111 ઉમરેઠ વિધાનસભામાં 2,42,836, 112 આણંદ વિધાનસભામાં 2,56,494, 113 પેટલાદ વિધાનસભામાં 2,19,332 અને 114 સોજિત્રા વિધાનસભા મત વિભાગમાં 2,05,854 મતદારોનો સમાવેશ થાય છે.

# ટ્રેનમાં મહિલાનું પર્સ ચોરનારો શખસ ઝડપ્યો

**રેલવે પોલીસે રૂ.** 87,200નો મુદ્દામાલ રિકવર કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.31

આણંદ રેલવે પોલીસે ટ્રેન મુસાફરી દરમિયાન મહિલા મુસાફરના પર્સની ચોરી કરનાર ઈસમને અમદાવાદના જમાલપુરથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી 87,200ની કિંમતનો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમાચારની વિગતઃ પ્રાપ્ત વિગતો મુજબ, આણંદ રેલવે પોલીસ સ્ટેશન ખાતે એક મહિલા મુસાફરના પર્સની ઉઠાંતરી અંગેની ફરિયાદ નોંધાઈ હતી. આ પર્સમાં 10 ગ્રામ સોનાની રણી (કિંમત 75 હજાર) અને 12,200ની કિંમતનો એક મોબાઈલ ફોન હતો. ચોરીની



આ ઘટનાને ગંભીરતાથી લઈને પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

રેલવે પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસનો સચોટ ઉપયોગ કરીને ચોરનું પગેરું મેળવ્યું હતું. આ તપાસના અંતે પોલીસે અમદાવાદના જમાલપુર વિસ્તારમાંથી ઈરફાન સકુરભાઈ તેલી નામના શખ્સને દબોચી લીધો હતો. પોલીસ દ્વારા આરોપી પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે અને હાલ તેની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# વીરપુરમાં પતિના ત્રાસથી કંટાળી પત્નીએ ઘર છોડ્યું

(પ્રતિનિધિ) વીરપુર તા.31

વીરપુરના કોયડમ ગામે રહેતી પરણિતાને તેના પતિ, સાસુ, સસરા અને જેઠ દ્વારા અસહ્ય શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવતા આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વીરપુર કાસુડીમાં પિતાને ત્યાં રહેતા ધ્વનીબેને પ્રતિકકુમાર નિલેશકુમાર પટેલ સાથે પોતાની મરજીથી કોર્ટ મેરેજ કરીને સુખી લગ્ન જીવનની આશાએ સાસરીમાં રહેવા ગયા હતા. જોકે, લગ્નના માત્ર એક માસ બાદ જ ઘરકામ જેવી નાની બાબતોમાં પતિ, સાસુ, સસરા અને જેઠે તકરાર શરૂ કરી હતી. પરણિતાએ માતા-પિતાની મરજી વિરુદ્ધ લગ્ન કર્યા હોવાથી તે આ બધું મૂંગા મોઢે સહન કરતી હતી, પરંતુ સાસરિયાઓનો ત્રાસ દિન-પ્રતિદિન વધતો જતો હતો.

આ ઝઘડાઓથી બચવા માટે આ દંપતી અમદાવાદ અને ત્યારબાદ વડોદરા નોકરી અર્થે રહેવા ગયું હોવા છતાં, સાસુ-સસરા અને જેઠ ત્યાં પણ અવારનવાર આવીને પતિની ચઢામણી કરતા હતા. તેઓ પતિને 'આ આપણા કામની નથી, આપણે બીજી લાવીશું.' તેમ કહી પરણિતાને કાઢી મૂકવા ઉકસાવતા હતા, જેના કારણે પતિ પત્ની સાથે અવારનવાર મારઝૂડ કરતો હતો.

આખરે સાસરિયાઓની અસહ્ય યાતનાઓથી કંટાળી પરણિતાએ પોતાના માતા-પિતાને જાણ કરી પિયર ચાલી ગઈ હતી. આ મામલે તેણે પતિ પ્રતિકકુમાર પટેલ, સસરા નિલેશભાઈ પટેલ, સાસુ કપિલાબેન પટેલ અને જેઠ કુમારદ્વિપ પટેલ સામે મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### રાજ્ય માહિતી આયોગની કાર્યવાહીથી બચવા સરકારી રેકર્ડ પર ખોટું નિવેદન અપલોડ કર્યા

# લીંબાસીના તત્કાલીન પીઆઈએ બોગસ દસ્તાવેજ ઉભો કર્યાનો આક્ષેપ

**ન્યાયિક પ્રક્રિયાને** ગેરમાર્ગે દોરવાના મામલે આખરે હાઈકોર્ટમાં દાદ મંગાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.31

ખેડા જિલ્લાના લીંબાસી પોલીસ મથકમાં ફરજ બજાવી ચૂકેલા તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર જે. વી. વાઢીયાએ સત્તાનો દુરુપયોગ કરી ફરિયાદીની ખોટી સહી દ્વારા બોગસ દસ્તાવેજ ઉભો કર્યો હોવાનો સનસનીખેજ મામલો પ્રકાશમાં આવ્યો છે. માહિતી અધિકાર હેઠળની વિગતો ન આપવા બદલ રાજ્ય માહિતી આયોગની સંભવિત સજાથી બચવા માટે આ અધિકારીએ ફરિયાદીનું ખોટું નિવેદન સરકારી પોર્ટલ પર રજૂ કર્યું હોવાના પુરાવા સાથે હાઈકોર્ટમાં ધા નાખવામાં આવી છે.

લીંબાસીના ઉદ્યોગપતિ જીગ્નેશકુમાર ઠક્કરે આરટીઆઈ હેઠળ માહિતી માંગી હતી. આ કેસમાં માહિતી આયોગમાં સુનાવણી દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર જે.વી. વાઢીયાએ પોતાનો બચાવ કરવા પોર્ટલ પર એક પત્ર અને નિવેદન અપલોડ કર્યું હતું, જેમાં દાવો કરાયો હતો કે ફરિયાદીને તમામ માહિતી મળી ગઈ છે અને તેઓ કોઈ કાર્યવાહી કરવા માંગતા નથી. જોકે, ફરિયાદીએ આક્ષેપ કર્યો છે કે તેમણે ક્યારેય આવા કોઈ કાગળ પર સહી કરી નથી. નવાઈની વાત એ છે કે આ બોગસ દસ્તાવેજમાં ફરિયાદીની ઉંમર 58 વર્ષ દર્શાવવામાં આવી છે, જ્યારે તેમની સાચી ઉંમર માત્ર 39 વર્ષ જ છે.

ખેડા જિલ્લા પોલીસ વડા વિજય પટેલ સમક્ષ આ છેતરપિંડીના તમામ ટેકનિકલ પુરાવા રજૂ કરવા છતાં જવાબદાર પોલીસ ઈન્સ્પેક્ટર સામે કોઈ ખાતાકીય કે કાનૂની પગલાં લેવાયા નથી. આખરે હાઈકોર્ટમાં 50930/2025થી ક્રિમીનલ ઈન્કવાયરી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને સમગ્ર મામલાની ફોરેન્સિક તપાસ કરવાની માંગણી કરાઈ છે.

#### PI એ ગામ છોડાવી દેવાની ધમકી આપી હતી

તત્કાલીન પોલીસ ઇન્સ્પેક્ટર જે. વી. વાઢીયાએ કરોડોની ઉચાપતના આરોપીઓ સાથે મેળાપીપણું કર્યું હોવાના આક્ષેપો થયા છે. ફરિયાદીના જણાવ્યા અનુસાર, પીઆઈએ એવી ધમકી આપી હતી કે, લીંબાસી પોલીસ મથક મારું છે અને તારા કેસ પતાવી દેવા જ મને અહીં મોકલવામાં આવ્યો છે. તેમણે ફરિયાદીને ગામ છોડાવી દેવાની ચેલેન્જ પણ આપી હતી. હાલમાં આ PIની બદલી રાજકોટ શહેરમાં થઈ છે.

### માતાએ પાપલીલા નજરોનજર જોતા ભાંડો ફૂટ્યો

# સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ ગુજાર્યું

**પોલીસે ગણતરીના** કલાકોમાં આરોપીને દબોચી લીધો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.31

આણંદના ખંભોળજ પોલીસ મથકની હદમાં એક સગીરાની નાબાલિક ઉંમરનો ફાયદો ઉઠાવી તેની સાથે બળાત્કાર ગુજારવાની શરમજનક ઘટના સામે આવી છે. આ મામલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ગુનાખોરને દબોચી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આણંદના ખાટકી વાડમાં રહેતો મહોમદ ઈરફાન શેખ ખેડા કોતર વિસ્તારમાં આવેલા તેના કાકાના ઈંટોના ભઠ્ઠા પર અવારનવાર આવતો જતો હતો. આ અવરજવર દરમિયાન તેણે બાજુના એક મકાનમાં રહેતી સગીરાને ભોળવીને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. આરોપીએ સગીરાની નાસમજ વયનો ગેરલાભ ઉઠાવી તેનું શારીરિક શોષણ કરવાનું શરૂ કર્યું હતું.

આ નરાધમે સગીરા સાથે બે વાર બળાત્કાર ગુજાર્યો હોવાનું બહાર આવ્યું છે. જોકે, હવસખોરની આ પાપલીલા લાંબો સમય ચાલી શકી નહોતી. સગીરાની માતા આ સમગ્ર ઘટના નજરોનજર જોઈ જતા આરોપીનો ભાંડો ફૂટ્યો હતો. આ અંગે તુરંત જ ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આરોપી મહોમદ ઈરફાન શેખને ઝડપી પાડી જેલ હવાલે કર્યો છે.

# બીવીએમની બે ટીમે રાષ્ટ્રીય કક્ષાના 'રોબોફેસ્ટ'માં ઇનામો જીત્યા

**અંડરવોટર** વ્હીકલ કેટેગરીમાં બીવીએમની ટીમોએ દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.31

અમદાવાદની સાયન્સ સિટી ખાતે GUJCOST અને ડીએસટી, ગુજરાત દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાના 'રોબોફેસ્ટ 5.0' માં ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ સ્પર્ધામાં બીવીએમની બે ટીમોએ સ્વાયત્ત અંડરવોટર વ્હીકલ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું છે.

વિદ્યાનગરની બીવીએમની 'ટીમ સાયક્લોન'એ ઓટોનોમસ અંડરવોટર વેહિકલ કેટેગરીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ટીમે વિવિધ લેવલના મળીને કુલ રૂ. 10 લાખનું રોકડ ઈનામ જીત્યું છે. જેમાં વિદ્યાર્થીઓ નિખિલ, મીત, નવ્યા અને ભવ્યને





પ્રિન્સિપાલ ડૉ. વિનય જે. પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

જ્યારે બીજી તરફ, 'ટીમ એયુવી' એ જ કેટેગરીમાં તૃતીય સ્થાન મેળવી કુલ રૂ. 7.5 લાખનું રોકડ ઈનામ હાંસલ કર્યું છે. આ ટીમમાં શ્યામ, વિશ્રુત, કિશન અને હર્ષનો સમાવેશ થાય છે, જેમના માર્ગદર્શક ડૉ. મેહફુઝા હોલિયા હતા. સતત પાંચમી વખત શ્રેષ્ઠ પ્રદર્શન સંસ્થાના પ્રિન્સિપાલ ડો. વિનય જે. પટેલે જણાવ્યું હતું કે, બીવીએમની ટીમોએ સતત પાંચમી વખત રોબોફેસ્ટમાં આવું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, જે ગૌરવપૂર્ણ બાબત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સના વર્તમાન યુગમાં વિદ્યાર્થીઓની આ સિદ્ધિ સરાહનીય છે.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનિયર ભીખુભાઈ પટેલે બંને ટીમો અને તેમના મેન્ટર્સને અભિનંદન પાઠવતા વિદ્યાર્થીઓની 'રિયલ વર્લ્ડ ચેલેન્જીસ' ઉકેલવાની ક્ષમતાને બિરદાવી હતી.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225